પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨૯ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૧, બુધવાર; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ચેપોકમાં 'વિરાટ સેના'નું સરેન્ડર

**પ્રથમ ટેસ્ટમાં ઇંગ્લેન્ડનો ૨૨૭ રને વિજય : સિરીઝમાં ૧-૦થી આગળ : ઇંગ્લેન્ડના ૪૨૦ રનના લક્ષ્યાંક સામે ભારત ફક્ત ૧૯૨ રનમાં જ ઓલઆઉટ, કોહલીએ સૌથી વધુ ૭૨ રન ફટકાર્યા, ગિલની ફિફ્ટી, રહાણે-પૂજારા, પંત ફ્લોપ, ૨૨ વર્ષ બાદ ભારત ચેન્નાઇમાં હાર્યું**



ચેન્નાઈ,તા.૯

જેક લીચ (૪ વિકેટ) અને જેમ્સ એન્ડરસન (૩ વિકેટ)ની શાનદાર બોલિંગની મદદથી ઈંગ્લેન્ડે મંગળવારે પહેલી ટેસ્ટના પાંચમાં અને અંતિમ દિવસે ભારતને ૨૨૭ રનના વિશાળ અંતરથી હરાવી દીધું. ભારતને ૨૨ વર્ષ બાદ ચેન્નઈમાં ટેસ્ટ મેચમાં હાર મળી. છેલ્લીવાર તે ૧૯૯૯માં પાકિસ્તાન સામે ચેપોકમાં મેચ હાર્યું હતું. જ્યારે ઈંગ્લેન્ડે ચેન્નઈમાં ભારતને ચોથી વખત હરાવ્યું છે. આ પહેલા બંને વચ્ચે અહીં ૯ ટેસ્ટ રમાઈ છે, જેમાં ભારતે ૫ અને ઈંગ્લેન્ડે ૩ મેચ જીતી જ્યારે એક મેચ ડ્રો રહી હતી. ભારતીય ટીમના બેટ્‌સમેનો મોટી ઈનિંગ્સ રમવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા હતા. પ્રથમ ઈનિંગ્સમાં ડબલ સેન્ચુરી ફટકારનાર જો રુટને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ભારતીય ટીમ ચાર વર્ષ બાદ ઘરેલૂ ટેસ્ટ મેચ હારી છે. આ પહેલાં ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

જણાવી દઈએ કે ટોસ જીતીને પહેલા બેટિંગનો નિર્ણય કરનાર ઈંગ્લેન્ડની ટીમે પહેલી ઈનિંગ્સમાં ૫૭૮ રન બનાવ્યા હતા. જવાબમાં ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગ્સમાં ૩૩૭ રન

● અનુસંધાન પાન-૭ પર

## ૨૬ જાન્યુઆરી લાલ કિલ્લા કાંડનો આરોપી દીપ સિદ્ધુ પકડાયો

**દીપ સિધુ છેવટે ૧૫ દિવસ બાદ પોલીસના હાથે ઝડપાયો : ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા પર થયેલા તોફાનો બાદ ફરાર દીપને પકડવા પોલીસે રૂ. ૧ લાખનું ઈનામ જાહેર કર્યું હતું**

ન્યુ દિલ્હી,તા.૯

૨૬મી જાન્યુઆરીએ દેશના ગણતંત્ર દિવસ પર રાજધાની દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ઐતિહાસિક એવા લાલ કિલ્લા પર તિરંગાના બદલે એક ધાર્મિક ધ્વજ ફરકાવવાની ઘટનાના મુખ્ય આરોપી દીપ સિદ્ધૂની ધરપકડ કરવામાં આવી છે. દીપ સિદ્ધુ પર પોલીસે ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.



દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દીપ સિદ્ધુની ધરપકડ કરી હતી. દીપ સિદ્ધુ લાલ કિલ્લાની ઘટના બાદથી જ ફરાર હતો. જોકે આ દરમિયાન પણ તે નિયમિત પણે સોશિયલ મીડિયા પર સક્રિય રહેતો હતો. સિદ્ધુના આ વીડિયો અમેરિકામાંથી એક મહિલા પોસ્ટ કરતી હોવાની પણ દિલ્હી પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી. દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાની ઘટનાના આશરે ૧૫ દિવસ ફરાર રહ્યાં બાદ દીપ સિદ્ધુ મંગળવારે વહેલી સવારે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના હાથે ચડ્યો. જોકે હજી સુધી તે સ્પષ્ટ નથી થઈ શક્યું કે દીપ સિદ્ધુની ધરપકડ ક્યાંથી કરવામાં આવી હતી. ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં યોજાયેલી ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં અચાનક હિંસા ભડકી ઉઠી હતી. ત્યાર બાદ દિલ્હીના રસ્તા પર ઉગ્ર બનેલા ખેડૂતોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ખેડૂતોનું એક મોટુ જૂથ આ હિંસક ઘટનાઓનો વિરોધ કરી રહ્યું છે અને તેનો આરોપ કેટલાંક લોકો પર લગાવવામાં આવી રહ્યો છે.

## બાઈડન, ફર્સ્ટ-લેડીને ભારત આવવા મોદીનું આમંત્રણ

**વડાપ્રધાન મોદીએ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ બાઇડેન સાથે વાત કરી : રાષ્ટ્રપ્રમુખ બાઇડન અને હું નિયમો હેઠળ ચાલનારી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને લઈ પ્રતિબદ્ધ છીએ : મોદી**

ન્યુ દિલ્હી,તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી. જો બાઈડેનના રાષ્ટ્રપતિ બન્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તેમની પહેલી વાતચીત હતી. આ વાતની માહિતી પીએમ મોદીએ ટ્વીટ કરી આપી. પીએમ મોદીએ પોતાની ટ્વીટમાં કહ્યું કે તેમણે સૌથી પહેલાં જો બાઈડેનને રાષ્ટ્રપતિ બનવાની શુભકામનાઓ પાઠવી. તેમણે ક્ષેત્રીય બાબતો પર વાતચીત કરી.

આપને જણાવી દઈએ કે પીએમ મોદીએ ટ્વીટ કરી માહિતી આપી કે તેમણે જો બાઈડેન સાથે ફોન પર વાત કરી. પીએમ મોદીએ ટ્વીટમાં લખ્યું કે મેં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરી અને તેમને સફળતા માટે શુભકામનાઓ પાઠવી. અમે ક્ષેત્રીય સહયોગ અને પ્રાથમિકતાઓ પર ચર્ચા કરી. અમે જળવાયુ પરિવર્તનની વિરૂદ્ધ સહયોગ વધારવા પર પણ સહમત થયા છીએ.

પીએમ મોદીએ આ સિવાય બીજી એક ટ્વીટ કરી જેમાં તેમણે લખ્યું કે હું અને રાષ્ટ્રપતિ જો બાઈડેન દુનિયામાં નિયમ-કાયદા આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના પક્ષધર છીએ. અમે હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાને વધારવા માટે પોતાની રણનીતિ ભાગીદારીને વધુ મજબૂત કરવા તરફ જોઈ રહ્યા છીએ.

આ પૂર્વે અમેરિકાના વિદેશ મંત્રીએ નવી સરકારની રચના બાદ તમામ દેશોમાં પોતાના સમકક્ષો સાથે વાતચીત કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના નવા પ્રમુખ બનેલા જો

● અનુસંધાન પાન-૭ પર

## ગુલામ નબી આઝાદની મદદને યાદ કરી વડાપ્રધાન રડી પડ્યા

**રાજ્યસભાના ૪ સાંસદોની વિદાય પર મોદીનું ભાષણ : પદ અને સત્તા તો જીવનમાં આવતી જતી રહે છે પણ તેને કેવી રીતે પચાવવી તે આઝાદ પાસેથી શિખવું જોઈએ**



નવી દિલ્હી, તા. ૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં ૪ રાજ્યસભાના સાંસદોના વિદાય ભાષણ આપી રહ્યાં હતાં. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદના ભારોભાર વખાણ કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતની એક પ્રવાસીઓ ભરેલી બસ પર થયેલા એક આતંકવાદી હુમલાને યાદ કરતા રીતસરના રડી પડ્યાં હતાં.

● અનુસંધાન પાન-૭ પર

## શાહનવાઝ હુસૈન બિહાર મંત્રીમંડળમાં

**બિહારમાં નીતિશ કેબિનેટનું વિસ્તરણ : ભાજપના ૯ અને જેડીયૂના ૯ મંત્રીઓએ શપથગ્રહણ કર્યા : નવા ૧૭ નેતાઓએ મંત્રીપદના શપથ લીધા : ભાજપ નેતા શાહનવાઝ હુસૈને ઊર્દૂમાં શપથગ્રહણ કર્યા**



પટના,તા.૯

બિહારમાં નિતિશ કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના શાહનવાજ હુસેન સાથે કુલ ૧૭ નેતાઓએ મંગળવારે મંત્રીપદના શપથ લીધા. બિહારમાં સરકાર બન્યા પછી ખૂબજ લાંબા સમયથી કેબિનેટ વિસ્તરણની રાહ જોવાઈ રહી હતી.

જેમાં બીજેપી ક્વોટાના ૯ અને જેડીયુ ક્વોટાથી ૮ મંત્રીઓએ સપથ લીધા. કુલ ૧૭ મંત્રીઓએ શપથ લેતાં બિહાર મંત્રીમંડળ નીતીશની કેબિનેટનું વિસ્તરણ થયું છે. શાહનવાજ હુસેન ફરીથી મંત્રી બની રહ્યા છે. લગભગ ૨૦ વર્ષ પછી તેમને ફરીથી મંત્રી પદ મળી રહ્યું છે. નીતિશ કુમાર અને શાહનવાજ હુસૈન બંને અટલ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. શાહનવાઝે ઊર્દૂમાં મંત્રીપદના શપથ લીધા હતા. તેમના પછી શ્રવણકુમારે પણ મંત્રી પદના શપથ લીધા. શ્રવણકુમાર નીતિશ કુમારના નજદીકી માનવામાં આવી રહ્યા છે.

## ઉત્તરાખંડમાં તપોવન ટનલમાં ફસાયેલા ૩૫ નાગરિકોને બચાવવાનો જંગ

**મરીન કમાન્ડોએ સંભાળી કમાન : અત્યાર સુધી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૩૧એ પહોંચી**

દહેરાદૂન,તા.૯

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ઋષિગંગા ખીણમાં આવેલા પૂરમાં મરનારાઓની સંખ્યા મંગળવારના ૩૧ સુધી પહોંચી ગઈ છે. તો એનટીપીસીના નષ્ટ થયેલા તપોવન પ્રોજેક્ટની ટનલમાં ફસાયેલા ૩૫ લોકોને નીકાળવા માટે સેના, એનડીઆરએફ, આઈટીબીપી અને એસડીઆરએફનું સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યું છે. તપોવન ટનલમાં કાલે આખો દિવસ, આખી રાત અને અત્યારે પણ કાટમાળ હટાવવાનું કામ ચાલી રહ્યું છે. બચાવ માટે બીજી રીત પણ અપનાવવામાં આવી રહી છે.

ટનલની બીજી તરફથી ડ્રિલ કરીને અંદર પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ટનલ ખોદવામાં એક્સપર્ટ સેનાની ગઢવાલ સ્કાઉટની ટીમ


**સાંઈ કાલીકા જ્યોતિષ**

હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે

મહામોહીની વશીકરણ

પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો

One Side Love | Happy Love Life | Life Disputes

રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?

ગુપ્તધન

વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર

9909555191

**Fire Protective Paint (FPP) coatings**

Suitable for Industries, Schools, Research Centers, Museums, Libraries, Hospitals, Hotels, Multiplex, Sports Facilities, Godown, Assembly hall, Bus / Metro / Rail / Airports etc.

for

Roof Structures (MS Truss etc)

Civil Structures (Beams, Columns etc)

Cables for Power Plants etc..

ARGUS AGENCIES & SERVICES

AHMEDABAD • BARODA • SURAT • RAJKOT +91 7984162390, 98250 86656

Email : argus.fpp@gmail.com • argusroofings@gmail.com

